ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૫/૨૧-૨૨/ 1692 તારીખ : 27 MAY 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મેરાભાઈ શાર્દુલભાઈ,**
**ગામ-ભંડારીયા,**
**તા.ભાવનગર**
**જી.ભાવનગર.**

કેસ નં.૯૫/૨૧-૨૨

**મો.નં - ૯૫૩૭૩ ૧૩૧૮૯**

**વિષય : મકાન ઉપરથી પસાર થતા જોખમી વિજ વાયર દૂર કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૮/૦૩/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૦૩/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૫/૨૧-૨૨/૧૦૬૫ તા.૩૧/૦૩/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૫/૨૧-૨૨/૧૧૯૬ તા.૧૨/૦૪/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૦૪/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**શહેર વિભાગીય કચેરી-૨, ભાવનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મામસા.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૫/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી મેરાભાઈ શાર્દુલભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૪/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી બકુલભાઈ કીવાભાઈ ડુંગરીયા (વાદી ના ભત્રીજા)**

પ્રતિવાદી :– **શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મેરાભાઈ શાર્દુલભાઈ, મું.ભંડારીયા, તા.ભાવનગર, જી.ભાવનગર ની મકાન ઉપરથી પસાર થતા જોખમી વિજ વાયર દૂર કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૫/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૫/૨૧–૨૨/૧૦૬૫ તા.૩૧/૦૩/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૭/૦૪/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી મેરાભાઈ શાર્દુલભાઈ વતી તેમના ભત્રીજા શ્રી બકુલભાઈ કીવાભાઈ ડુંગરીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વાય.આર.જાડેજા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત મુજબ તેઓના ઘર ઉપર પીજીવીસીએલ ની લાઈન આવેલ હોય મકાનનું કોઈ કામ થઈ શકતું નથી તેમજ પવન વાવાઝોડા સમયે લાઈન તૂટવાનો ભય લાગતો હોય જાનહાની થવાનો ભય રહે છે. સદર વિજ લાઈન દૂર કરવા અવાર નવાર મામસા રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી કરેલ નથી.

૧.૨ તેઓના ઘર ઉપરથી પસાર થતી વિજ લાઈન તાકીદે દૂર કરવા વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી પેટા વિભાગીય કચેરી મામસા ખાતે વિજ જોડાણ ધરાવે છે જેની વિગત નીચે મુજબ છે.

Consumer Name : Merabhai Shardulbhai

Address : Vill. Bhandariya, Ta.& Dist. Bhavnagar

Consumer No. : 37828/00268/8

Connection Date : 07.05.2022.

Tariff : RGPR

અરજદાર ની CGRF સમક્ષની તા.૩૧/૦૩/૨૦૨૨ ની અરજીના આધારે નાયબ ઈજનેરશ્રી, પેટા વિભાગીય કચેરી દ્વારા જોખમી વિજ લાઈન ફેરવવા માટે જરૂરી સર્વે કરેલ છે.

૨.૨ જે અનુસંધાને ગ્રાહકશ્રી મેરાભાઈ શાર્દુલભાઈ ના મકાન અને પ્લોટ ઉપરથી ભારે દબાણની ૧૧ કેવી મેલકડી જયોતિગ્રામ ફીડરના વાયરો (૩–વાયર) તેમજ હળવા દબાણની લાઈનના ૪ વાયરો પસાર થાય છે.

૨.૩ સદર સર્વે મુજબ કંપનીના નિયમાનુસાર હયાત વિજલાઈન ફેરવવા માટે અંદાજીત રૂ.૨૬,૮૨૪/– જેટલી રકમનો ખર્ચ થાય છે.

૨.૪ જેથી અરજદારશ્રી ને પેટા વિભાગીય કચેરી, મામસા દ્વારા રૂ.૨૬,૮૨૪/– નું તા.૧૬/૪/૨૦૨૨ ના રોજ પત્ર નં–મામસા/ટેક/સીજીઆરએફ/૧૦૫૩ દ્વારા અંદાજપત્ર પાઠવેલ છે. જે ભરપાઈ થયેથી વહેલીતકે સદર વિજ લાઈનોનો ફેરફાર કરી આપવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી મેરાભાઈ શાર્દુલભાઈ દ્વારા તેમના ઘર ઉપરથી પસાર થતી જોખમી વિજ લાઈનને ભય અને અકસ્માતની સંભાવના હોય, ફેરવી આપવા બાબતની રજૂઆત ફોરમને કરેલ છે.

૩.૨ પ્રતિવાદી દ્વારા જણાવેલ છે કે, સદરહુ લાઈન ફેરવવા માટેનું અંદાજપત્ર વાદીને તા.૧૬/૪/૨૦૨૨ ના પત્રથી પાઠવેલ છે. જે ભર્યેથી લાઈન ફેરવી આપવામાં આવશે.

૩.૩ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન વાદીએ જણાવેલ છે કે, સદરહુ લાઈન આશરે ૩૫ વર્ષ પહેલા બનેલા તેમના કાકા ના ઘર પરથી પસાર થાય છે. જે હાલ હયાત નથી તથા તે મકાનનો કબજો તેઓ એટલે કે, બકુલભાઈ કીવાભાઈ ડુંગરીયા ધરાવે છે. વધુમાં, અરજદારે જણાવેલ છે કે, તેમને પ્રતિવાદી દ્વારા મોકલવામાં આવેલ અંદાજપત્રની નકલ મળેલ નથી. જે આજરોજ ફોરમની સુનાવણી દરમ્યાન અંદાજપત્રની નકલ પૂરી પાડવામાં આવેલ છે.

આ તબક્કે ફોરમને જણાય છે કે, સદરહુ શ્રી મેરાભાઈ શાર્દુલભાઈ ના મકાન ના પ્લોટ પરથી ભારે દબાણની ૧૧ કેવી મેલકડી જયોતિગ્રામ ફીડરના (૩ વાયર) તેમજ હળવા દબાણની ૪ લાઈનો પસાર થાય છે જે દૂર કરવા માટે વાદીને પ્રતિવાદીએ આપેલ રૂ.૨૬,૮૨૪/– નું અંદાજપત્ર ભરવું જરૂરી છે. જે બાબતની સમજણ રૂબરૂ સુનાવણી દરમ્યાન વાદીને આપવામાં આવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ જો અરજદાર શ્રી બકુલભાઈ કીવાભાઈ ડુંગરીયા કે તેમના પરિવારજનો દ્વારા શ્રી મેરાભાઈ શાર્દુલભાઈ ના ઘર પરથી પસાર થતી લાઈનો દૂર કરવાનું અંદાજપત્ર ભરી આપે તો, પ્રતિવાદીએ લાઈન હટાવવાની કામગીરી નિયમોનુસાર કરી આપવી.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦-૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

તારીખ :— ૨૭/૦૪/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar